ગાંધીનગર સમાચાર

## જન્મદિને હાર્દિક વધામણી



**નરેન્દ્રભાઈ એલ મંડિર**
સભ્ય
સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા



શ્રી સ્વામીનારાયણ ગુરુકુળ વિદ્યાલય (ગુજરાતી માધ્યમ) અને શ્રીહરિ ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ (અંગ્રેજી માધ્યમ) શાખા ખાતે હિન્દી દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત રાષ્ટ્રભાષા-હિન્દીનું ગૌરવ દર્શાવતા ચાર્ટ અને પ્રૉજેક્ટ વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા તથા હિન્દી ભાષામાં અમૂલ્ય યોગદાન આપનાર ભારતના મહાન કવિઓને પણ આ પ્રસંગે યાદ કરી તેમની કૃતિઓને રજૂ કરવામાં આવી હતી. આ ઉજવણી દ્વારા વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રભાષાની મહત્તા તેમજ તેની ભવ્યતાની સમજ કેળવાય તેવો પ્રયાસ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમની શ્રેષ્ઠ ઉજવણી બદલ ટ્રસ્ટી રામકૃષ્ણ સ્વામીજી અને શાળાના આચાર્ય ઉમંગભાઈ વસામીએ શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# ચિલોડા-શિહોલી ગૃપ માધ્યમિક શાળા ખાતે જ્ઞાન સપ્તાહની ઉજવણી કરવામાં આવી



ગાંધીનગર, તા. ૧૫
ગાંધીનગર તાલુકામાં કાર્યરત ચિલોડા-શિહોલી ગૃપ શાળા ખાતે જ્ઞાન સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી, જે અંતર્ગત વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા હતા. શાળા સંકુલની સફાઈ, ગામ સ્વચ્છતા અભિયાન, પ્રભાતફેરી, વ્યસનમુક્તિ અભિયાન વગેરે કાર્યક્રમો આ સપ્તાહ અંતર્ગત યોજવામાં આવ્યા હતા. ઉપરાંત શાળાના પટાંગણમાં નિવૃત્ત શિક્ષકોનું સન્માન કરવા અર્થે ગુરુવંદના કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. ગામના નિવૃત્ત શિક્ષક નટુભાઈ પટેલ તથા કૅમ્પસ ડિરેક્ટર પુરુષોત્તમભાઈ પી પટેલનું કુમકુમ તિલક કરી સન્માન કરવામાં આવ્યું હતું. નટુભાઈ પટેલે પોતાના ઉદ્‌બોધનમાં ગુરુ-શિષ્યના મહત્ત્વ અને જીવનમાં ગુરુના મહત્ત્વ વિશેની વાત કરી હતી. કાર્યક્રમના અંત ભાગમાં આભારવિધિ અરવિંદભાઈ દવે દ્વારા કરવામાં આવી હતી.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
હીરો
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૧૫
**સ્ક્રીન-૨**
વૅલકમ બૅક
૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
હીરો
૧.૩૦
**સ્ક્રીન-૩**
વૅલકમ બૅક
૧૨.૪૫
હીરો
૪.૩૦, ૭.૧૫, ૯.૪૫
**સ્ક્રીન-૪**
વૅલકમ બૅક
સવારે ૧૧.૦૦
ફૅન્ટમ
૨.૧૫, ૧૦.૦૦
હીરો
૫.૧૫
ટ્રાન્સપૉર્ટર-૪ (હિન્દી)
રાત્રે ૮.૦૦
**સ્ક્રીન-૫**
વૅલકમ બૅક
૨.૦૦, ૫.૦૦
હીરો
૧૦.૦૦, ૮.૦૦

# નિસર્ગ સાયન્સ સૅન્ટર દ્વારા ઓઝોન દિવસ નિમિત્તે આજે જનજાગૃતિ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૫
એકવીસમી સદીની વૈશ્વિક સમસ્યાઓમાં વાતાવરણમાં રહેલા ઓઝોન વાયુ પડનું પાતળું થવું અને તેમાં ગાબડાં પડવાં એ પણ એક મોટી સમસ્યા છે. સૂર્યમાંથી આવતા પારજાંબલી કિરણો પૃથ્વીની સપાટી પર ૧૫ કિમીથી ૫૦ કિમી સુધી આવેલા ઓઝોન પડમાં શોષાઈ જાય છે, જેના કારણે પૃથ્વી પરની જીવંત સૃષ્ટિનું રક્ષણ થાય છે. સૂર્યમાંથી આવતા આ પારજાંબલી કિરણો પૃથ્વી પર સીધા આવે તો આપણને ચામડીના વિવિધ રોગો તેમજ કૅન્સર થવાની શક્યતા રહેલી છે.

સમગ્ર વિશ્વમાં ૧૬ સપ્ટેમ્બરને 'આંતરરાષ્ટ્રીય ઓઝોન પડ જાળવણી દિન' તરીકે ઉજવવાનું નિયત કરવામાં આવ્યું છે.

ગાંધીનગર ખાતે કાર્યરત નિસર્ગ સાયન્સ સૅન્ટર દ્વારા પણ દર વર્ષે આ ઉજવણીના ભાગરૂપે વિવિધ જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે ઓઝોન દિનનું થીમ 'થર્ટી યર્સ ઓફ હિલિંગ ધ ઓઝોન ટુગેધર' રાખવામાં આવ્યું છે. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બૉર્ડ પ્રાદેશિક કચેરી, અમદાવાદ (પૂર્વ) તથા નિસર્ગ સાયન્સ સૅન્ટર, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ઍમ પી શાહ પ્રાથમિક શાળા, જીઆઈડીસી, નરોડા ખાતે આજે ચિત્રસ્પર્ધા અને જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નિસર્ગના ડૉ. અનિલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ઓઝોન દિવસની આ વર્ષની થીમ આધારિત ચિત્રો વિદ્યાર્થીઓએ દોર્યાં હતાં.

બુધવારના રોજ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બૉર્ડ પ્રાદેશિક કચેરી, ગાંધીનગર અને નિસર્ગ સાયન્સ સૅન્ટર, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે વીપીઍમપી પોલીટૅકનીક કૉલેજ, સૅક્ટર-૧૫ના વિદ્યાર્થીઓ માટે જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં પ્રાદેશિક કચેરી, ગાંધીનગરના અધિકારી નરેશભાઈ ઠાકર, ડૉ. અનિલભાઈ પટેલ અને વીપીઍમપી પોલીટૅકનીકના આચાર્ય આનંદભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. ઓઝોન પડ અંગે પ્રેઝન્ટેશન રજૂ કરી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવશે અને ઓઝોન અંગેની ફિલ્મ પણ વિદ્યાર્થીઓ સમક્ષ પ્રદર્શિત કરવામાં આવશે.

# 'ઍમઍસજી-૨' ૧૮ સપ્ટેમ્બરે રિલીઝ થશે




ગાંધીનગર, તા. ૧૫
આ વર્ષની શરૂઆતમાં એમએસજી – ધ મેસેન્જર ઓફ ગોડ ફિલ્મ રજૂ કર્યા બાદ સંત ગુરૂમીત રામ રહિમ સિંઘ તેની સિકવલ એમએસજી -૨ ધ મેસેન્જર લઈને આવી રહ્યાં છે. ફિલ્મમાં મનોરંજનની સાથે-સાથે ગુરૂજી સંદેશો આપ્યો છે કે કેવી રીતે આધ્યાત્મિકતાની સાથે જોડાઈને આદિવાસી લોકો સભ્ય જીવન જીવવાની શરુઆત કરે છે અને માંસાહાર, નશા જેવી આદતોનો ત્યાગ કરે છે. હાઈ વોલ્ટેજ ડ્રામા, જબરદસ્ત એક્શન સીન, મધુર ગીત સંગીતથી સજ્જ આ ફિલ્મમાં આદિવાસીઓની રહેણીકરણીને દર્શાવવામાં આવી છે. સાથે જ સમાજમાં બાફ વિવાહ, નશો, ભુતપ્રેત જેવી સામાજિક બુરાઈઓ તથા તેના નિરાકરણને પણ બતાવવામાં આવ્યું છે. લગભગ સવા બે કલાકની આ ફિલ્મમાં છ ગીત છે. છેલ્લા ઘણા સમયથી આ ફિલ્મનું ધમાકેદાર પ્રમોશન અને વિવિધ શહેરો સાથે દેશભરમાં ચાલી રહ્યું છે ત્યારે આ ફિલ્મના કલાકારો અમદાવાદ આવી પહોંચ્યા હતા. ગુરુમીત રામ રહીમ સિંઘ સહિતની ફિલ્મની પુરી સ્ટાર કાસ્ટે આજે અમદાવાદની મુલાકાત લઈને લોકો તેમજ ખાસ કરીને આ યુવાનો સાથે આ ફિલ્મ અંગે વાત કરીને ફિલ્મને જોવા માટે લોકો અને ખાસ કરીને યુવાનોને અપીલ કરી હતી તેમજ પત્રકાર પરિષદને પણ સંબોધન કર્યુ હતું.

એમએસજી – ૨ ધ મેસેન્જરનું દિગ્દર્શન જાણીતા ધર્મગુરુ ગુરુમીત રામ રહીમ સિંઘ અને જીતુ અરોરાએ કર્યું છે. હકીકત એન્ટરટેઈનમેન્ટ બેનર હેઠફ બનેલી આ ફિલ્મના મુખ્ય હિરો ગુરુમીત રામ રહિમ સિંઘ છે. આ ઉપરાંત ફિલ્મની વાર્તા, મ્યુઝિક, સિનેમેટોગ્રાફી, એડિટિંગ વગેરે પણ ગુરુમીત રામ રહિમ સિંઘે જ કર્યું છે. ફિલ્મમાં રચાયેલા ૬ અદભૂત અને મધૂર ગીતો પણ તેમણે જ લખ્યા છે. ગુરુમીત રામરહિમ સિંઘ એ આજે ભારતમાં જાણીતા સમાજ સુધારક,ધર્મગુરુ તથા ઉપદેશક છે.તેઓ ૨૩મી સપ્ટેમ્બર ૧૯૯૦થી ભારતમાં પંજાબ ખાતે સ્થપાયેલા સામાજિક-ધાર્મિક સંગઠન એવા ડેરા સચ્ચા સોદા (ડીએસએસ)ના અધ્યક્ષ છે. ડેરા સચ્ચા સોદા દ્વારા સ્વચ્છતા અભિયાન, વૃક્ષારોપણ, કુદરતી આફતોમાં રાહત કેમ્પો તેમજ સેક્સ વર્કર્સ માટે પુનઃવસન કેન્દ્રો, બ્લડ ડોનેટ કેમ્પો સહિતની અનેકવિધ સામાજિક પ્રવૃત્તિઓ મોટા પાયે કરવામા આવી રહી છે. આજે ડેરા સચ્ચા સૌદાના મોટી સંખ્યામાં અનુયાયીઓ છે.

# દેશની યુનિવર્સિટીઝનાં ગ્રંથનિર્માણ બૉર્ડ્ઝનું નૅશનલ કૉન્સોર્ટિયમ રચવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૫
દેશના વિવિધ રાજયોમાં યુનિવર્સિટી કક્ષાના પાઠ્યગ્રંથોનું નિર્માણ કરતાં ગ્રંથનિર્માણ બોર્ડ્ઝ તેમજ અકાદમીઓ વચ્ચેની આપલે સઘન બને તેમજ તેમનાં સંસાધનોનો મહતમ ઉપયોગ થાય એ માટે ઉચ્ચ શિક્ષણની આ સંસ્થાઓનું એક નેશનલ કોન્સોર્ટિયમ ટુંક સમયમાં જ અસ્તિત્વમાં આવશે.

ગુજરાતના યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડના ઉપાધ્યક્ષ શ્રીમતી ભાવનાબેન દવેએ જણાવ્યું કે દિલ્હીના કમિશન ફોર સાયન્ટિફિક એન્ડ ટેકનિકલ ટર્મિનોલોજીના વડા શ્રી કેશરીલાલ વર્માના નેતૃત્વ હેઠળ દેશની બધી ગ્રંથ અકાદમીઓ-બોર્ડ્ઝના વડાઓની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૪ અને ૧૫ દરમિયાન અમદાવાદમાં મળી હતી તેમાં આ બાબતે ચર્ચા કરવામાં આવી હતી.

શ્રીમતી દવેએ જણાવ્યું કે બધી અકાદમીઓની કામગીરી વધુ અસરકારક બને તેમજ તેમની વચ્ચેનું સંકલન વધુ મજબૂત બને તે માટે આ નિર્ણય લેવાયો છે. આ કોન્સોર્ટિયમના ચાર વિભાગીય કેન્દ્રો માટેની દરખાસ્ત કરવામાં આવી છે. પશ્ચિમ ઝોનનું વડુંમથક અમદાવાદ ખાતે રહેશે. જ્યારે દક્ષિણમાં તિરૂવુંનંતપુરમ (કેરળ), હિન્દી પટ્ટીનું મથક ભોપાલ (મધ્યપ્રદેશ) તથા પૂર્વનાં રાજ્યોનું મથક ભૂવનેશ્વર(ઓરિસ્સા) ખાતે રાખવા માટેની દરખાસ્ત તૈયાર કરીને કેન્દ્ર સરકારને મોકલી અપાશે.

નેશનલ કોન્સોર્ટિયમ રચાવાથી બધી અકાદમીઓની કામગીરીમાં પુનરાવર્તનના બનાવો બનશે નહીં. એકબીજાનાં ઉત્તમ પાઠ્યપુસ્તકો તેઓ પોતાની ભાષામાં અનૂદિત કરાવીને પોતાના રાજ્યના અધ્યાપકો તેમજ વિદ્યાથીઓને દેશના ટોચના શિક્ષણવિદો તેમજ નિષ્ણાતોના જ્ઞાનનો લાભ આપી શકશે. આ ઉપરાતં, ઉચ્ચ શિક્ષણના પાઠ્યપુસ્તકોના નિર્માણ તેમજ અનુવાદ વગેરેની પ્રક્રિયામાં અનુભવાતી સમસ્યાઓની ચર્ચા કરીને એકબીજાના અનુભવોનો લાભ પણ આપી શકાશે.

શ્રીમતી દવેએ કહ્યું કે હાલમાં ભારતીય ભાષાઓના ઘટતા જતાં મહત્વ અને અંગ્રેજીના વધતાં જતાં વર્ચસ્વથી સમાજશાસ્ત્રીઓ અને શિક્ષણશાસ્ત્રીઓ ચિંતિત છે. ગ્રંથનિર્માણ બોર્ડઝ્ કે ગ્રંથ અકાદમીઓની સ્થાપના જ ઉચ્ચ શિક્ષણના માધ્યમ તરીકે લોકોની માતૃભાષાને સ્થાપિત કરવાના પ્રયાસ તરીકે થઈ છે. કમિશનના વડા શ્રી કેશરીલાલ વર્માએ કહ્યું કે દેશની યુનિવર્સિટીઓના અભ્યાસક્રમ એકસરખો બને તે માટે યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન (યુજીસી) વિચારણા કરી રહ્યું છે. તેને અનુરૂપ પાઠ્યપુસ્તકો તેમજ અન્ય સંદર્ભસામગ્રી તૈયાર કરવામાં પણ કોન્સોર્ટિયમની રચના ઘણી ઉપયોગી નીવડશે. વળી,. ભારતની ગ્રંથ અકાદમીઓએ શ્રેષ્ઠ ગ્રંથો બહાર પાડ્યા છે પણ તેના યોગ્ય પ્રચારના અભાવે ભારતીય ભાષાઓમાં સારાં પાઠ્યપુસ્તકો રચાતાં નથી એવી છાપ ખોટી સર્જાઇ છે. કોન્સોર્ટિયમની રચનાથી આવા ગ્રંથોનો પ્રચાર-પ્રસાર પણ વધુ અસરકારક બનશે.

શ્રી વર્માએ કહ્યું કે, અનુસૂચિત જાતિ અને જનજાતિના અધ્યાપકો પાઠ્ય પુસ્તકોના લેખનમાં પ્રવૃત્ત થઈ શકે એ માટે સરકારે ખાસ ગ્રાન્ટ જોગવાઈ કરી છે. વિવિધ ગ્રંથ અકાદમીઓ તેમ બોર્ડઝ આવા અધ્યાપકો માટે તાલીમ શિબિરોનું પણ આયોજન કરશે. આ ઉપરાતં, આ બે દિવસીય સત્રમાં વિવિધ અકાદમીઓ તેમજ બોર્ડ્ઝની વર્ષ ૨૦૧૪-૧૫ની કાર્યવાહીની સમીક્ષા કરવામાં આવી હતી તથા વર્ષ ૨૦૧૫-૧૬ માટેની પ્રકાશન ગ્રાંટની ફાળવણી કરાઈ હતી.

# ટીંટોડા પગાર કૅન્દ્રના શિક્ષક મુકેશભાઈ પટેલને ઍવોર્ડ



ગાંધીનગર, તા. ૧૫
ટીંટોડા પગાર કેન્દ્ર શાળામાં ફરજ બજાવતા મદદનીશ શિક્ષક મુકેશભાઈ ધીરુભાઈ પટેલે તાલુકા કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો ઍવોર્ડ પ્રાપ્ત કરી તાલુકા અને ટીંટોડા ગામનું ગૌરવ વધાર્યું છે.

ટીંટોડા ગામના સરપંચ ખોડાજી લેબાજી ઠાકોર, ઍસઍમસી સભ્યો, આચાર્ય મનુભાઈ પટેલ, શાળા પરિવારના સભ્યો અને ગ્રામજનોએ તેમને આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા છે.

# ઓઝોનનું પડ જાળવવા પ્રતિબદ્ધ થઈએ

**પ્રસંગસર**
**નરેશ ઠાકર**

૧૬મી સપ્ટેમ્બર, ૧૯૮૭ના દિવસે મોન્ટ્રિલઅલ ખાતે ૨૪ દેશોના પ્રતિનિધિઓ ભેગા મળ્યા હતા. તેઓએ સમગ્ર વિશ્વને એક અવાજે જણાવ્યું કે, પૃથ્વી ફરતે ઓઝોનના કુદરતી પડને માનવીય પ્રવૃત્તિઓથી નુકશાન થઈ રહ્યું છે, અને આવી પ્રવૃત્તિઓ હવે બંધ કરવાનો સમય પાકી ગયો છે. આ દિવસે આ તમામ પ્રતિનિધિઓએ ઓઝોન વાયુ પડને પાતળુ કરતા ખતરારૂપ પદાર્થોને વિશ્વમાંથી તિલાંજલિ આપવા માટે કટિબદ્ધ થઈને કરાર પર હસ્તાક્ષરો કર્યા હતા. આ કરાર, ત્યારબાદ 'મોન્ટ્રિલઅલ પ્રોટોકોલ' નામે પ્રચલિત થયો છે.

ત્યારબાદ, વર્ષ ૧૯૯૪માં સંયુક્ત રાષ્ટ્રોની મળેલ સામાન્ય સભામાં ઠરાવ કરીને 'મોન્ટ્રિલઅલ પ્રોટોકોલ' કરારની સ્મૃતિમાં વિશ્વસ્તરે દર વર્ષે ૧૬મી સપ્ટેમ્બરના દિવસને 'આંતરરાષ્ટ્રિય ઓઝોન પડ જાળવણી દિન' તરીકે ઉજવવાનું નક્કી કરાયું.

યુએનઈપી દ્વારા વર્તમાન વર્ષ ૨૦૧૫ના ઓઝોનદિનનું અંગ્રેજીમાં થીમ 'થર્ટી યર્સ ઓફ હિલિંગ ધ ઓઝોન ટુગેધર' જાહેર થયું છે. સાથોસાથ, 'ઓઝોનઃ ઓલ ધેર ઈઝ બિટ્વિન યુ એન્ડ યૂવી' એવું પ્રસંગોચિત અંગ્રેજીમાં સ્લોગન પણ નક્કી થયું છે. આ સૂત્રમાં 'આપણી અને અલ્ટ્રાવાયોલૅટ કિરણો વચમાં છે ઓઝોન' તેવું સ્પષ્ટીકરણ કર્યુ છે.

પૃથ્વી ફરતે આવરણના વાતાવરણમાં કુદરતી વાયુ સ્વરૂપે ઓઝોન સમાયેલ છે. તેના દરેક અણુમાં ઓક્સિજનના ત્રણ પરમાણું હોય છે. ઓઝોન રંગે આછો વાદળી અને તીવ્ર ગંધનો ગુણધર્મ ધરાવે છે. પૃથ્વી ફરતે વાયુઓના કુલ આવરણનો માત્ર ૦.૦૦૦૦૦૪ ટકા જેટલો ઓઝોન વાયુ હોય છે. ઓઝોનવાયુ કુદરતીરીતે વાતાવરણમાં રહેલ ઓક્સિજનમાંથી જ નિરંતર બને છે, અને સૂર્યપ્રકાશમાંથી નીકળતા કિરણો પૈકી યુવી-અલ્ટ્રાવાયોલૅટ કિરણો ઓક્સિજનમાં વિઘટન પણ નિરંતર થતું રહે છે. આ કુદરતી શૃખંલાની પરંપરા છે. આ સમગ્ર પ્રક્રિયામાં વનસ્પતિ ઓક્સિજનના ઉત્પાદનની અને કુદરતીક્રમે અલ્ટ્રાવાયોલૅટ કિરણોની કામગીરી થકી ઓઝોનને નિરંતર નવપલ્લવિત કરવા મહત્વની પરોક્ષ ભૂમિકા નિભાવે છે.

**સૌનો મદદગાર ઓઝોન વાયુ**

વાયુમંડળનું સ્ટ્રેટોસ્ફેરિક ઓઝોન પડ સૂર્યપ્રકાશના મોટાભાગના હાનિકારક અલ્ટ્રાવાયોલૅટ કિરણો શોષિને પૃથ્વી પરની સમગ્ર જીવસૃષ્ટિનું રક્ષણ કરે છે.

**ઓઝોન પડ**

પૃથ્વીના વાતાવરણમાં ઓઝોનવાયુનો ઘનિષ્ઠ જથ્થો ધરાવતું પડ ઓઝોન પડ તરીકે ઓળખાય છે. પૃથ્વીની સપાટીથી આકાશ તરફ ૨૦થી ૩૦ કિલોમીટર વચ્ચે ચોક્કસ સીમા રહિત અવકાશમાં આ ઓઝોન પડ છવાયું છે. ઓઝોન પડ સૂર્યપ્રકાશના હાનિકારક અલ્ટ્રાવાયોલૅટ કિરણોથી આપણને બચાવે છે. ઓઝોન અસ્થિર અને રિએક્ટિવ વાયુ છે. વાતાવરણનો ઓઝોનવાયુ ખૂબ જ સક્રિય છે. ઓઝોનનું સર્જન અને વિસર્જન વખતોવખત થતું જ રહે છે. ઓઝોન પડમાંથી જ્યારે અલ્ટ્રાવાયોલૅટ કિરણો પસાર થાય છે, ઓઝોનના ત્રણ પૈકી બે પરમાણુ વિખૂટા થઈને ઓક્સિજનમાં રૂપાંતરિત થાય છે. ઓઝોનનો બાકી રહેલો એક પરમાણુ ફરીથી ઓક્સિજનના પરમાણુ સાથે સંયોજિત થવા સક્ષમ હોય છે, અને ફરીથી ઓઝોનવાયુ બને છે. આ રાસાયણિક પ્રક્રિયા દરમિયાન ઊર્જા શોષાય છે. જ્યારે ઓઝોનવાયુના અણુઓનું વિઘટન થાય છે, ત્યારે ગરમી પેદા થાય છે, અને વાતાવરણના તાપમાનમાં વધારો થાય છે.

**ઓઝોન - નુકશાન અને અસરો**

માનવ સર્જિત કેટલાંક ઉત્પાદનો સ્ટ્રેટોસ્ફિઅરમાં રહેલ ઓઝોનવાયુના અણુઓનો નાશ કરે છે. જેમાં, ક્લોરોફ્લોરોકાર્બન્સ-સીએફસી, કાર્બન ટેટ્રાક્લોરાઈડ્, હેલોન્સ, મિથાઈલ ક્લોરોફોર્મ, વગેરે સહિત આશરે ૯૫થી વધુ પદાર્થોની ઓઝોનવાયુના અણુઓને હાનિકર્તા પદાર્થો તરીકેની ઓળખ્યા હતા. આ પરિસ્થિતિથી કુદરત નિર્મિત જીવસૃષ્ટિ એવી ઈકોસિસ્ટમની સમતુલા જોખમાય છે. આ ઘટનાક્રમથી માનવીઓમાં આંખ અને ચામડીના રોગોમાં વૃદ્ધિની શક્યતા વધે છે.

હાઈડ્રોફ્લોરો-કાર્બન્સ-એચએફસી પદાર્થો ઓઝોનના પડને નુકશાન કરતા નથી. ગ્લોબલ-વૉર્મિંગની વૈશ્વિક સમસ્યાના પરિબળો પૈકીના ગ્રીન-હાઉસ વાયુઓની પંગતમાં આ એચએફસીની પણ ગણતરી થાય છે. તેમ છતાં આ પદાર્થોની ઓઝોનના પડ પર નહીંવત અસર થવાથી એચએફસી પદાર્થો હવે, એર-કન્ડિશનિંગ, રેફ્રિજરેશન, ફૉમ અને એરૉસોલના ઉત્પાદનોમાં ઓડીએસના વિકલ્પે વપરાય છે.

પૃથ્વી પરથી પરાવર્તિત થતા ઈન્ફ્રારેડિએશનને શોષીને વાતાવરણની કુદરતી ઊર્જા પર નિયંત્રણ કરવાનું કાર્ય કેટલાંક વાયુઓ કરે છે. આ વાયુઓ ગ્રીન હાઉસ ગેસ તરીકે ઓળખાય છે. વાતાવરણમાં વાયુઓના સમગ્ર જથ્થાનો નહીવત ભાગ હોવા છતાં કાર્બન ડાયઓક્સાઈડ, મીથેન, નાઈટ્રસ ઓક્સાઈડ, હાઈડ્રોફ્લોરોકાર્બન્સ, સલ્ફર હૅક્ઝાફ્લોરાઈડ, પરફ્લૉરોકાર્બન્સ વાયુઓ મુખ્યત્વે ગ્રીન હાઉસ ગેસ ગણાય છે.

વર્ષ ૧૯૮૫માં વિશ્વના દેશોએ વિયેના કન્વેન્સનમાં ભાગ લીધો હતો. આ કન્વેશન મારફતે 'મોન્ટ્રિલઅલ પ્રોટોકોલ'ના અમલીકરણ માટે વખતોવખત લીધેલા પગલાંના પરિણામે ઓઝોન પડને નુકશાન કરતા કેમિકલ્સના ઉત્પાદનમાં ૯૮ ટકા ઘટાડો થયો છે. ઉપરાંત, ઓઝોનને નુકશાન કરતા ઓડીએસ પદાર્થોમાં વૈશ્વિક સ્તરે ઉત્પન્ન અને વપરાશમાં પાયાના સ્તરે ઐતિહાસિક ઘટાડો હાંસલ થયો છે. વિશ્વભરમાં કુલ મળીને ૨૬૦ હજાર ટન ઓડીએસ પદાર્થોનું ઉત્પાદન કાયમી ધોરણે બંધ થયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ફાયટોપ્લાન્કટન તરીકે ઓળખાતી સમૂદ્રની એક કોષી વનસ્પતિ દરિયાઈજીવ સૃષ્ટિને આર્શિવાદરૂપ છે. આ વનસ્પતિ વૈશ્વિક ગ્રીન હાઉસની અસરો ખાળવામાં વાતાવરણમાં રહેલ કાર્બન ડાયોક્સાઈડને શોષિને વાદળાનું નિર્માણ કરતા સલ્ફરના પદાર્થોનું ઉત્સર્જન કરવાની અદની ભૂમિકા ભજવે છે. હવે, ઓઝોનના ઘા રુઝાઈ રહ્યા છે ત્યારે માઈક્રોબિયલ સમૂદાયમાં આ ફાયટોપ્લાન્કટન વિપુલ પ્રમાણમાં વધી રહ્યાના સમાચાર સૌ માટે હરખની વાત છે.

ક્લાયમેટ ચેન્જ અને સ્વચ્છતાઃ ઓઝોન પડનો ઘા વિશ્વસ્તરે ઓડીએસ વિરૂદ્ધ સૌ ભેગા મળીને રુઝાવી રહ્યા છે, ત્યારે આ ઘટનાક્રમમાંથી થોડો બોધ લઈએ, અને રોજબરોજ દરેક મ્યુનિસિપલ વિસ્તારોમાં ખડકાતા કચરાના ઢગલા અને કચરો બાળવાથી નીકળતો કાર્બન ડાયોક્સાઈડ ગ્રીનહાઉસ ગેસ પણ હોય, તેને ઘટાડવા માટે આપણે થોડું કાર્ય કરીએ.

આપણે સ્વયં પ્રતિબદ્ધ થઈએ. રિડ્યૂસ, રિયૂઝ, રિસાયકલ અને રિપ્રોડ્યૂસનો કન્સેપ્ટ અપનાવીને સામાન્ય કચરાને, પ્લાસ્ટિકના કચરાને અને ઈ-વેસ્ટનો યોગ્ય નિકાલ કરીએ, અને આપણી આસપાસ સ્વચ્છતા જાળવીએ. તેમજ વૃક્ષ ઉછેર કે રોપારોપણના વ્યાપક સામાજીક કાર્યક્રમોમાં સહભાગી બનીને આપણુ પર્યાવરણ હરિત કરીએ, આમ આ બન્ને પરિબળો સાથે ક્લાયમેટ ચેન્જના પડકારો સામે સહયોગી બનીએ.

# આર જી પટેલ કન્યા શાળા દ્વારા શૈક્ષણિક પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા. ૧૫
શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક શાળા દ્વારા એક દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

માધ્યમિક વિભાગની કુલ ૨૨૦ વિદ્યાર્થીનીઓએ આ પ્રવાસમાં ભાગ લીધો હતો અને ગિયોડ અંબાજી મંદિર, વિરેશ્વર મહાદેવ, સરણેશ્વર મહાદેવ, ચન્ચલેશ્વર મહાદેવ તથા પોળોના જંગલમાં સ્થિત હરણાવ ડેમની મુલાકાત લીધી હતી તથા પોળોના જંગલમાં ટ્રૅકિંગની મઝા પણ માણી હતી.

વિદ્યાર્થીનીઓ સાથે શાળાનાં શિક્ષકો વિજયભાઈ પટેલ, દિલહરબાબેન, મંજુલાબેન ડોડિયા, રમણભાઈ, ફિરોઝબેન, પન્નાબેન, ગીતેશભાઈ, સોનલબેન, પંકજભાઈ, હંસાબેન તથા સેવક બાલુભાઈએ આ શૈક્ષણિક પ્રવાસ દરમ્યાન વિદ્યાર્થીનીઓ સાથે રહી સતત તેમના જ્ઞાનમાં વધારો થાય તેવા પ્રયાસો કર્યા હતા.

# શ્રી જે ઍમ ચૌધરી વિદ્યાલય ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં વિજેતા

ગાંધીનગર, તા. ૧૫
શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય દ્વારા ઍસવીઍસ કક્ષાના વિજ્ઞાન-ગણિત અને પર્યાવરણ પ્રદર્શનમાં ભાગ લેવામાં આવ્યો હતો, જેમાં શાળાની બે કૃતિઓ જિલ્લાકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામી હતી. માધ્યમિક વિભાગની વિદ્યાર્થીની ઋતુ ઍમ પુજારા અને માહી આર પરમાર દ્વારા શિક્ષક ધરાબેન બી પટેલના માર્ગદર્શનમાં તૈયાર કરવામાં આવેલી કૃતિ 'યોગ દ્વારા તંદુરસ્ત જીવન' અને ઉચ્ચતર માધ્યમિક વિભાગની વિદ્યાર્થીની અમિતા આર પંડ્યા તથા ઉર્મિલા કે સોંદરવા દ્વારા શિક્ષક હેતલબેન ઍન ભટ્ટના માર્ગદર્શનમાં તૈયાર કરવામાં આવેલી કૃતિ 'આયુર્વેદ : એક ઘરેલૂ ઉપચાર' જિલ્લાકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામી હતી.